અપીલ અરજી નં.૩૨૧ તા.૧–૧–૦૯/૧૦

અરજદારઃ– શ્રી નિમેષ રમેશચંદ્ર પરમાર
સામાવાળાઃ– ડે.કમિશ્નર(સ્પે.)અને જાહેર માહિતી અધિકારી (અઠવાઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

**વિષય :–** આરટીઆઈ એકટ હેઠળ શ્રી નિમેષ રમેશચંદ્ર પરમારની તા.ર–૧ર–૦૯ ની અરજીથી હાઈરાઈઝ બિલ્ડીંગના આપવામાં આવતા બી.યુ.સી. સર્ટીફીકેટની માહિતી, તથા બી.યુ.સી. લેતી વખતે નિયમો અને કાયદા અંગેની માહિતી મુદ્દા નં.પ–એ થી પ–એન સુધીની ની માહિતી આપવા બાબત.

**સંદર્ભ :–** અરજદાર મજકુરની તા.૧–૧–૧૦ ની અપીલ અરજી નં.૩ર૧/ર૦૦૯–૧૦

શ્રી નિમેષ રમેશચંદ્ર પરમારની તા.ર–૧ર–૦૯ ની અરજીથી હાઈરાઈઝ બિલ્ડીંગના આપવામાં આવતા બી.યુ.સી. સર્ટીફીકેટની માહિતી, તથા બી.યુ.સી. લેતી વખતે નિયમો અને કાયદા અંગેની માહિતી મુદ્દા નં.પ–એ થી પ–એન સુધીની માહિતી આપવા બાબતે મુદ્દા નં.પ (ડી), પ(આઈ) અને પ(જે) નો નિયત સમયઅવધિમાં પ્રત્યુત્તર ન મળવાથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૧–૧–૧૦ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૧ર૭ તા.૭–૧–૧૦ થી ડે.કમિશ્નર(સ્પે.)અને જાહેર માહિતી અધિકારી (અઠવાઝોન)ને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી નં.સા.વે.ઝોન/અઠવા/આરટીઆઈ/આ.નં.૭૭ર તા.૧૪–૧–૧૦ થી અત્રેના વિભાગને પૂરક વિગતો મળેલ છે જેમાં અરજદારની મુળ અરજીની નકલ, સેન્ટ્રલઝોનમાંથી ટાઉન પ્લાનરશ્રી મધ્યસ્થ શહેર વિકાસ વિભાગને નં.સે.ઝોન/આરટીઆઈ/જાવક/૧૧૯૯ તા.પ–૧ર–૦૯ થી તબદીલ કરવામા આવેલ પત્રની નકલ, શહેર વિકાસ તરફથી મ. જાહેર માહિતી અધિકારી અને નગર નિયોજક તરફથી પત્ર નં.ટીડીઓ/૪પ૪૬ તા.૧પ–૧ર–૦૯ થી કાર્યપાલક ઈજનેર અઠવાઝોન, હાઈડ્રોલીક ઈજનેર અને ડ્રેનેજ ઈજનેર ને તબદીલ કરવામાં આવેલ પત્રની નકલ, અરજદારને આપેલ માહિતીના પત્ર નં.સા.વે.ઝોન/અઠવા/આરટીઆઈ/આ.નં.૭ર૯ તા.૭–૧–૧૦ ના પત્રની નકલ તથા તે પહોચાડયા અંગેની એકનોલેજમેન્ટ સ્લીપની નકલ અત્રે પૂરક વિગતોમાં રજૂ કરેલ છે.

અરજદારની તા.ર–૧ર–૦૯ની અરજીથી મુદ્દા નં.પ–એ થી પ–એન ના મુદ્દાઓથી માંગવામાં આવેલી માહિતી ડાયરેકટર ઓફ પ્લાનીંગ અને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.ટીડીઓ/૪૬પ૩ તા.૧૯–૧ર–૦૯ થી અરજદારને મુદ્દા નં.પ–એ,બી,સી,ઈ,એફ,જી,એચ,કે, એલ, એમ, એન અંગેની શહેર વિકાસ મધ્યસ્થ ખાતાને લગતી માહિતી અરજદારને પૂરી પાડવામાં આવેલ છે. જયારે પત્ર નં.ટીડીઓ/૪પ૪૬ તા.૧પ–૧ર–૦૯ થી શહેર વિકાસ મધ્યસ્થ તરફથી મુદ્દા નં.પ –ડી આઈ અને જે ની અંશતઃ વિગતો માટે અઠવાઝોન, હાઈડ્રોલીક ઈજનેર, અને ડ્રેનેજ ઈજનેરને તબદીલ કરવામાં આવેલ.જે અંગે એડી. સીટી ઈજનેર તરફથી નં.ડીએનજી/આ.નં.ર૬ તા.ર૪–૧ર–૦૯ થી અરજદારને ઝોન કચેરી કક્ષાએથી માહિતી ઉપલબ્ધ થઈ શકશે તેવું જણાવવામાં આવેલ. ત્યાર બાદ અરજદારે તા.૧–૧–૧૦ ના રોજ અપીલ અરજી કરી માંગેલી માહિતીના મુદ્દા નં.પ–એ થી પ–એન સુધીના ૧૪ પ્રશ્નો પૈકી ૧૧ ના ઉત્તર મળેલ છે ત્રણ પ્રશ્નો ક્રમાંક પ–ડી,આઈ અને જે બીયુસી ન હોય તો તેવી બીલ્ડીંગને એસએમસી તરફથી પાણી અને સુએઝનું કનેકશન મળે કે નહીં તેવું જણાવી અપીલ અરજી કરવામાં આવેલ. જેના અનુસંધાને ડે.કમિશ્નર(સ્પે) અને જાહેર માહિતી અધિકારી અઠવાઝોન તરફથી અપીલ તબકકે પૂરી પાડેલ પૂરક વિગતો અનુસાર મુદ્દા પ–ડી અંગે સા.વે.ઝોન અઠવાઝોનના કાર્યપાલક ઈજનેરશ્રીની પરમીશનથી હાઈરાઈઝ બીલ્ડીંગ માટે સર્ટીફીકેટ આપવામાં આવે છે. મુદ્દા નં.પ–આઈ અંગે કચેરી સા.વે.ઝોન/ અઠવા ખાતેથી હાઈરાઈઝ બીલ્ડીંગ માટે બીયુસી સર્ટીફીકેટ વગર વોટર કનેકશન આપવામાં આવતું નથી. મુદ્દા નં.પ–જે કચેરી સા.વે.ઝોન અઠવા ખાતેથી હાઈ રાઈઝ બિલ્ડીંગ માટે બીયુસી સર્ટીફીકેટ વગર ડ્રેનેજ કનેકશન આપવામાં આવતું નથી. તેવી માહિતી અરજદારને તા.૭–૧–૧૦ ના રોજ પૂરી પાડવામાં આવેલ હોવાનું જણાવેલ છે જેની નકલ પણ સામેલ કરેલ છે. આમ અપીલના મુદ્દાઓ પ–ડી,આઈ,અને જે ની માહિતી અરજદારને પૂરી પાડવામાં આવેલ છે. તેમજ તે માહિતી પોસ્ટ કર્યા અંગેની એકનોલેજમેન્ટ પહોંચની નકલ પણ અત્રે રજૂ કરેલ છે.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.ર–૧ર–૦૯ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી જાહેર માહિતી અધિકારી કક્ષાએથી પૂરી પડાયેલ હોઈ અપીલ અરજી અંગે વિશેષ કંઈ કરવાનું રહેતું ન હોઈ અપીલ અરજી દફતરે કરવામાં આવે છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૧ –૧૦

ડે.કમિશ્નર(જનરલ),
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

પ્રતિ,
(૧) ડે.કમિશ્નર(સ્પે) અને જાહેર માહિતી અધિકારી (અઠવાઝોન),...જાણ તથા અમલ માટે
(ર) શ્રી નિમેષ રમેશચંદ્ર પરમાર